# શિખધર્મ નિરુપણ

★

અંગ્રેજીમાંથી ભાષાંતર કરનાર
રેવ. હિંમતલાલ આશીર્વાદ

★

કિંમત બે આના

11BGS2

GUJARATI CHRISTiAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

11BGSM2

# શિખ ધર્મ

**હિંદમાં** હિંદુઓનું સૌથી પ્રાચીન નિવાસસ્થાન પંજાબ હતું, એ કારણથી હિંદુ ધર્મના સૌથી વધારે ઊંચા વિચારોનું કેન્દ્ર પણ એ જ ગણી શકાય. એ ઉપરાંત, એક બાજુએ ઈરાન દેશ અને બીજી બાજુએ મધ્ય એશીઆ, એ બેની વચ્ચે કડીરૂપે પંજાબ પ્રાંત આવેલો હોવાથી વ્યાપાર-ધંધાને કારણે, રાજકીય કારણે કે યુદ્ધને કારણે એ બે દેશોના લોકોનો અવરજવર પંજાબમાં થઈને જ થતો, જેથી એ લોકોના આચાર વિચારની અસર પંજાબના લોકો પર થયા વગર રહેતી નહિ. દાખલા તરીકે, મહાન સિકંદર અને એના જેવા બીજા વિજેતાઓએ પંજાબમાં થઈને જ હિંદમાં પ્રવેશ કર્યો હતો ; વળી સેંકડો વર્ષો સુધી જે ગ્રીક જાસૂસોનો પ્રવાહ હિંદમાં વહેતો રહ્યો તે પણ પંજાબમાં થઈને જ. વૈદિક ધર્મનું ઉત્પત્તિસ્થાન પણ પંજાબ જ હતું, વળી ત્યારપછી બૌદ્ધ ધર્મ પ્રતાપી થયો તે પણ પંજાબમાં જ. પંજાબના લોકો પર બૌદ્ધ ધર્મે જે ઊંડી અસર કરેલી છે તેનાં પ્રમાણ તો પ્રાચીન લેખકોની સીધી શાહેદી પરથી, તેમ જ બૌદ્ધ ધર્મના જે પુષ્કળ અવશેષો ખોદકામ કરતાં વારંવાર ત્યાંથી મળતા રહ્યા છે તે પરથી મળી રહે છે.

નવમા સૈકામાં મધ્ય હિંદમાં જ્યારે હિંદુ ધર્મમાં નવચેતન પ્રકટ્યું, ત્યારે બૌદ્ધ ધર્મ પંજાબમાં પ્રબળ હતો ખરો, પણ તેમાં બગાડ પેસી ચૂકેલો હતો, ને બૌદ્ધ ધર્મના સ્થાન પર બીજો ધર્મ આવવાની તૈયારી હતી. પરંતુ ધાર્યા કરતાં જુદી જ વાત બની. ઈ. સ. ૧૦૦૧ માં અફઘાનીસ્તાનને માર્ગે થઈને મહમદ ગઝનવી પંજાબમાં પેઠો. તેણે વીસ-ત્રીસ વર્ષ સુધી દેશને વેરાન ખેરાન કરી આખરે પંજાબના પાટનગર લાહોરમાં પોતાનો સૂબો નીમ્યો. તે દિવસથી માંડીને પંજાબ બાકીના હિંદથી અલગ થઈ મુસલમાન પ્રદેશ બની ગયો.

પરંતુ એવું બન્યું કે પંજાબ પર વિજય મેળવનાર મુસલમાન લોકો ઈરાની વંશજો હતા. તેઓએ પોતાની સાથે જે મુસલમાન ધર્મ દાખલ કર્યો તે મોટે ભાગે પ્રાચીન હિંદી ફિલસૂફીઓ અર્થાત્ વેદાન્તીઓના આચાર વિચારને મળતા સૂફીવાદથી મિશ્રિત થયેલો હતો. તેમ છતાં એ મળતાપણાને લીધે વિજેતાઓ અને પરાજિતો વચ્ચે અરસપરસ સહકાર

જામ્યો એવું ધારવું નહિ. મુસલમાન લોકો એટલા બધા ધર્મઝનૂની હતા કે તેમની હિંદી રૈયતના ધાર્મિક વિચારોને તેઓ લક્ષ દે નહિ, ત્યાં તેમની માન્યતાઓના ખરાખોટાપણાની તપાસ કરવાની તસ્દી તો લે જ શાના? તેથી મુસલમાનો પંજાબમાં દાખલ થયા તેનું પરિણામ એ જ આવ્યું કે પંજાબ કેટલેક અંશે મુસલમાની પ્રદેશ બની ગયો, અને કેટલેક અંશે બાકીના હિંદની ધાર્મિક ચળવળોથી અલગ થઈ ગયો.

આ સમયે હિંદનું ધાર્મિક મન ધર્મના વિષય પર અતિશય આવેશી થવા લાગ્યું. ઈશ્વર વ્યક્તિવાચક છે એવો બોધ કરીને શંકરાચાર્યે નવમા સૈકામાં બૌદ્ધ ધર્મ પર સખત પ્રહાર કર્યો, અને એ ઈશ્વરને તેણે **શિવ** અથવા **કલ્યાણ** એ નામે ઓળખાવ્યો; વળી બૌદ્ધ ધર્મના સિદ્ધાન્તથી જ જાણે શંકરાચાર્ય બૌદ્ધ ધર્મનું નિકંદન કરવા માગે છે એમ દર્શાવવાને તેણે એ જ ધર્મના નિશાન ત્રિશૂળથી પોતાને સજ્જ કર્યો. શંકરાચાર્યના અનુયાયીઓ લડાયક માનસ ધરાવનારા હતા. પરંતુ અગીઆરમા સૈકામાં રામાનૂજ ઊભો થયો. તેનો મત શંકરાચાર્યના જેટલો સખત નહોતો. તેણે **વિષ્ણુ** દેવને પ્રગટ કર્યો. 'વિષ્ણુ' એટલે "વ્યાપક," અર્થાત્ જે આખા જગતમાં વ્યાપી રહેલો છે તે. રામાનૂજનો ધર્મ બીજું કંઈ નહિ, પણ હિંદુ ધર્મના પાયા પર બૌદ્ધ ધર્મને પુનર્વ્યવસ્થિત કરવો એ જ હતો.

હિંદના મેદાન પ્રદેશોમાં હિંદુઓ મધ્યે જ્યારે આ પંથકલહો ચાલ્યા કરતા હતા, એ દરમિયાન મુસલમાન લોકો પંજાબમાં પોતાનું બળ જમાવતા જતા હતા એટલું જ નહિ, પણ દેશના અંદરના ભાગોમાં આગળ ને આગળ ધૂસતા જતા હતા. બન્ને પક્ષો વચ્ચે ઘણી ઝનૂની લડાઈઓ થઈ; એમાંથી દેશાભિમાનની પ્રબળ લાગણી વ્યાપક બનતાં એક જાતની વીરપૂજા ઉપસ્થિત થઈ, અને આસરે ૧૩૫૦માં રામાનંદ નામે એક માણસે પ્રાચીન નેતા રામનું સ્મરણ કરાવીને લોકોમાં શૂરાતન પર પૂજ્યભાવ પ્રગટાવ્યો. એ જ સમયે મથુરાના લડાયક રાજા કૃષ્ણને દેવ તરીકેનું માન મળવા લાગ્યું. આજ સુધી રૂઢિચુસ્ત હિંદુઓનાં જીવનોને હર્ષિત કરનાર તેમ જ તેમની મૃત્યુપળોએ તેમને દિલાસો દેનાર બે મહાન દિવ્ય નામો તે રામ અને કૃષ્ણ જ છે.

63.

મુસલમાન સત્તા સ્થપાઈ ચૂકી હોવા છતાં પણ હિંદુ વિચારોના એ પ્રવાહે પંજાબમાં પ્રવેશ કરી રહ્યાસહ્યા બૌદ્ધ ધર્મમાં, ફરીથી જાગૃત થતા હિંદુ ધર્મમાં, અને આગળ વધ્યે જતા મુસલમાન ધર્મમાં ભેળસેળ ને ગૂંચવણ દાખલ કરી; એ માનસિક ઝગડામાં પંજાબે પણ ભાગ લીધો, એનું પ્રમાણ તેરમી સદીમાં ગોરખનાથ અને તેનો પંથ ઉપસ્થિત થયા તે છે. હિંદુઓમાં યોગીઓની એક જાત છે, જેઓ બૌદ્ધ ધર્મીઓને બહુ મળતા આવે છે. ગોરખનાથ એવો એક યોગી હતો, અને હજીએ એક પ્રખ્યાત ગુરુ ને જ્ઞાની ધર્માવેશી તરીકે તેની નામના ટકી રહેલી છે. તેનો ઈરાદો જીર્ણ થઈ ગયેલા બૌદ્ધ ધર્મ અને પુનઃ જાગૃત થતા હિન્દુ ધર્મ, એ બેનો એકબીજા સાથે મેળ સાધવો, એ હતો એમ લાગે છે.

મૂર્તિપૂજા પર મુસલમાન લોકો ઠેકાણે ઠેકાણે જે જબ્બર અણગમો દર્શાવતા હતા તેની અસર થોડા જ સમયમાં હિંદી માનસ પર જણાવા લાગી. ઈ. સ. ૧૪૫૦માં કબીર નામનો એક મોટા મનનો માણસ પ્રસિદ્ધિમાં આવ્યો. તે શૌર્યવાન રામનો ભક્ત હતો. કેવળ શરીરથી ને ધનથી ભજન કરવું એ પૂરતું નથી, પણ તેની સાથે હૃદય, મન અને માનસિક શક્તિઓથી આધ્યાત્મિક ભજન કરવું જોઈએ, એવો તેણે બોધ આપ્યો. મૂર્તિપૂજા પર મુસલમાન લોકો જેવો સખત પ્રહાર કરતા તેવો જ પ્રહાર કબીરે પણ કર્યો, પરંતુ તેની સાથે તેણે કુરાનના અધિકાર પર તેમ જ હિંદુ ધર્મશાસ્ત્રો પર પણ પ્રહાર કર્યો. ધર્મના સિદ્ધાન્તો અથવા ધાર્મિક શિક્ષણ માટે અમુક ભાષા જ વપરાતી હતી, એ પ્રત્યે તેણે સખત તિરસ્કાર દર્શાવ્યો, અને તેના અનુયાયીઓ જે ભાષા વાપરતા હતા તે જ ભાષામાં તેણે તેનાં પોતાનાં શાસ્ત્રો રચ્યાં. આટલા પરથી જણાશે કે કબીર ખરેખરો ને જમાનાને જોઈએ તેવો સુધારક હતો. ઠાલા રીત રિવાજો અને બુદ્ધિ માન્ય ન રાખે એવા સિદ્ધાન્તોને તેણે તરછોડી કાઢ્યા, વળી પશ્ચાત્તાપી તથા ભંગિત હૃદયવાળાને બારોબાર ઈશ્વર તરફ જોવાનું અને ઈશ્વરની પુષ્કળ દયા તથા કૃપા પર આધાર રાખવાનું તેણે શીખવ્યું; અને એવી રીતે તેણે માણસ ભૂતકાળમાં કેવો હતો ને હાલ કેવો છે એ બાબતનો ભેદભાવ દૂર કર્યો. પરંતુ કબીરના શિક્ષણમાંની સૌથી વધારે ધ્યાન ખેંચનારી બાબત

તો એ હતી, કે તેણે પોતાના હિંદુ સહધર્મીઓને જ શિક્ષણ આપ્યું એમ નહિ, પરંતુ તેણે મુસલમાનોને પણ બોધ કર્યો; અને હિંદુ તેમ જ મુસલમાન એ બન્નેને માફક આવે એવા ધોરણ પર એક ઈશ્વરપ્રેમી કોમ રચવા તે ઇંતેજાર બન્યો.

કબીરની સાથે લગભગ સમકાલીન ગણી શકાય એવો એક માણસ પંજાબમાં ઊભો થયો, જેની સાથે શિખ ધર્મના અભ્યાસને અર્થે આપણને સંબંધ છે. તે મહાન ને ભલો માણસ હતો. આ માનનીય માણસનું નામ **નાનક** હતું. લાહોર શહેરની નજીક ઇ. સ. ૧૪૬૯માં તેનો જન્મ થયો હતો. હિન્દુ અને મુસલમાન વચ્ચે મતો અને સત્તાને લગતો કલહ ચાલ્યા કરતો હતો એવે સમયે ઉપરોક્ત સંપ્રદાયોનો વારસો લઈને તે દુનિયામાં અવતર્યો હતો. માણસોનાં મનોમાં આ અગાઉ જે ભાંજગડ ચાલ્યા કરતી હતી તેણે એક નવો ને જીવંત પંથ સ્થાપવા સારુ એક ભક્તિપરાયણ અને આસ્થાવાન ગુરુને માટે ભૂમિકા તૈયાર કરી. એવા કાર્યને માટે નાનક જ યોગ્ય માણસ હતો; કારણ કે તે બધી વાતે પૂરો ને પોતાના વિચારો સાથે સુસંગત, શાણો ને વળી ધગશવાળો, કોઈને માઠું લગાડે નહિ એવો છતાં આગ્રહી, અને વિશ્વાસમાં જેટલો બળવાન તેટલો જ રીતભાતમાં નમ્ર હતો. જગતમાં જે મહાન સુધારકો થઈ ગયા તેઓમાંનો એક આ નાનક પણ હતો; કારણ કે તેના પુરોગામીઓની કસૂરો તે સ્પષ્ટ રીતે જોઈ શક્યો હતો, અને અગાઉથી બાંધી બેઠેલા તથા પોતાનું જ હિત ધ્યાનમાં રાખનારાઓનો વિરોધ હોય તોપણ પોતાને જે સત્ય લાગે તે પ્રગટ કરવાની તેનામાં હિમ્મત હતી, પછી તે સત્ય હોય ઉન્નત કે હોય અધમ.

**નાનકના સિદ્ધાન્તોનો સાર** કાઢીએ તો તે આ પ્રમાણે છે: ઈશ્વર એક છે, અને માણસો ભાઈબહેનો છે. હિંદુઓનો એક દેવ, મુસલમાનોનો બીજો દેવ, અંત્યજોનો ત્રીજો દેવ, એવી નાનકની સમજણ નહોતી. તેના મનથી તો એક જ દેવ હતો. એ દેવ રામ જેવા માણસના જેવો નહોતો, તેમ જ મુસલમાનોએ અલ્લાહને જેમ જુદાં જુદાં લક્ષણો ને વૃત્તિઓવાળો માન્યો છે તેવો દેવ પણ તે નહોતો; પરંતુ તે તો એક, એકાકી,

અવિભાજ્ય, સ્વયંભૂ, અજ્ઞેય, કાળાતીત, સર્વવ્યાપક છે. એને કંઈક નામ આપી શકાય ખરૂં, પરંતુ ખરૂં જોતાં તે અવર્ણ્ય, ભજનયોગ્ય અને સર્વાંશે ઉત્તમોત્તમ છે. હિન્દુ અને મુસલમાનોને એકત્ર કરવા માટે ગુરુ નાનકે ઈશ્વરને માટે મુસલમાનોમાં વપરાતાં નામ, જેવાં કે 'અલ્લાહ' ને 'ખુદા' (ગૌરવી) વાપર્યાં છે; તેમ જ હિન્દુઓમાં વપરાતાં નામ, જેવાં કે 'બ્રહ્મ,' 'પરમબ્રહ્મ,' 'પરમેશ્વર,' 'હરિ' (કૃપાળુ), 'રામ,' 'ગોવિંદ' અને 'નારાયણ' વાપર્યાં છે.

ઈશ્વરને માટે જે બીજું નામ 'ગ્રન્થ'માં વાપરવામાં આવ્યું છે તે 'ગુરૂ' છે. દુનિયાના સર્વ ધર્મોમાં શિખ ધર્મની એ વિશેષતા છે કે ઈશ્વરને માટે 'ગુરૂ' એવું નામ તે વાપરે છે. એ ધર્મને માટે જે શબ્દ (શિખ) વપરાએલો છે તે પરથી એવું સૂચવાએલું છે કે તેના અનુયાયીઓ શિખનારા કે ચેલા છે.

શિખ ધર્મમાં ઈશ્વરનું જે ખાસ નામ વપરાએલું છે તે **"સત નામ"** છે. 'આદિ ગ્રન્થ'ના પ્રથમ બે શબ્દો "સત નામ" છે. ગ્રન્થમાંના પ્રત્યેક કાવ્યના આરંભમાં તેમ જ શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે પણ એ જ બે શબ્દો વપરાએલા છે. "સત નામ" શબ્દના ઉચ્ચારણમાં જ જાણે આત્મિક ને માર્મિક લાભ સમાએલો હોય, એમ સમજીને શિખ લોકો મંત્રવચન તરીકે તેનો ઉપયોગ કરે છે.

દૃશ્ય દુનિયાના સ્રષ્ટા અને ધર્તા વિષેની નાનકની સમજ ઉપર પ્રમાણે હતી. ઈશ્વર વિષેના એવા ખ્યાલમાં માન્યતાઓ, પંથભેદ, સિદ્ધાંત અને ક્રિયાકાંડને લગતા નાના નાના ભેદભાવોનો એકાએક અંત આવ્યો. એવા ઈશ્વરની પ્રાપ્તિ આગળ ધર્મશાસ્ત્રીઓનું દેખીતું જ્ઞાન અને તર્કશાસ્ત્રીઓની દલીલો ટકી શકતાં નથી; વળી નજીવી બાબતો વિષે માથાફોડ કરવાથી ઉપજતી ઘોર નિરાશામાંથી મગજ છૂટું થાય છે, અને મનુષ્યધર્મ બજાવવાને માટે અંતઃકરણ મોકળું બને છે. આ અગમ્ય ઈશ્વર એક છે, જેનું કેવળ નામ લઈ શકાય અને ભજન કરી શકાય એવા મહાન ખ્યાલે ન્યાતજાતના ને વિવિધ માન્યતાઓના ભેદભાવોને જેમ જમીન દોસ્ત કરી દીધા, તે જ પ્રમાણે માણસજાત એક મહાન બંધુમંડળ છે, એવા મહાન સત્યથી

રાષ્ટ્ર, કૂળ અને પંક્તિના અવરોધો નાબૂદ કરાયા. સર્વ માણસો ઈશ્વર આગળ એક સરખાં છે; ઊંચ, નીચ, કાળો ગોરો, ખાસ પ્રસન્નતાવાળો કે દલિત એવું ઈશ્વર આગળ કંઈ નથી; ગમે તે દેશજાતિનો હોય કે ગમે તે માન્યતા ધરાવનાર હોય, પણ તે સર્વ રાજકીય તેમ જ ધાર્મિક બાબતોમાં એક સરખાં છે, એ નાનકનું શિક્ષણ હતું.

જગત અને માણસ વિષે નાનકના ખ્યાલ–સનાતન ને સર્વશક્તિમાન ઈશ્વર સાથે સરખાવતાં જગત વ્યર્થ ને ક્ષણિક છે; અને એવા ઈશ્વરની સાથે સરખાવતાં માણસ લાચાર ને વિસાત વગરનું છે.

ઈશ્વર એક છે, અને સર્વ માણસો ભાઈઓ છે. એ બે સિદ્ધાન્તોએ સર્વ વર્ગનાં માણસોને એક બાજુએ એક જ ધોરણ પર એકત્ર કર્યાં, ત્યારે બીજી બાજુએ એ સિદ્ધાન્તો માન્ય નહિ રાખનારા દેશબંધુઓથી તેમને અલગ કરી દીધા, અને સિદ્ધાન્ત માન્ય રાખનારા માણસો ઈશ્વરનો ડર રાખનાર એક સ્વશાસિત મંડળ જેવા બની ગયા; કારણ કે નાનક જેનો બોધ કરતો હતો ને તેને જે જોઈતું હતું તે નિયત બંધનોમાંથી છૂટાપણું, ઈશ્વર આગળ સર્વની સમાનતા, અને માણસોનું બંધુત્વ એ હતું. આવી રીતે જે સિદ્ધાન્તો શીખવવામાં આવ્યા તેના વ્યાવહારિક લાગુકરણથી એક નવી રાષ્ટ્રભાવના ઉપસ્થિત થઈ, એ મહાન ગુરુના શિષ્યોનું એક સ્વશાસિત બંધુમંડળ બન્યું, જેમાંથી જે છૂટાપણાનો દાવો તેઓ કરતા હતા તે પ્રાપ્ત કરવા માટે તેમને જે અથાગ પ્રયત્નો કરવા પડયા તેમાંથી ધીમે ધીમે એક જુદી જ પ્રજા બનતી ગઈ.

નાનકના સિદ્ધાન્તોમાં જે નવીનતા હતી તે પર આટલું વિવેચન કર્યા પછી ઝીણીઝીણી વિગતો વિશે વિશેષ કહેવાની જરૂર જેવું કંઈ લાગતું નથી. અગાઉ જે કહેવામાં આવ્યું છે તે પરથી માલૂમ પડી આવશે કે નાનક-પંથની ગૌણ બાબતો તો મુસલમાન, બૌદ્ધ અને હિંદુ વિચારોના મિશ્રણ-રૂપ હતી. મુસલમાનોની પેઠે નાનકે એવો બોધ આપ્યો, કે તારણદાયક કૃપાનું કાર્યસાધક સાધન તે ઈશ્વરનું મહાન નામ છે; બૌદ્ધમાર્ગીઓની પેઠે તે એવું માનતો હતો, કે નિર્વાણ અથવા અનંત લાગણીવિહીન વિશ્રાંતિ પ્રાપ્ત કરવી એ જ સુનીતિનું ઊંચામાં ઊંચું ને છેવટનું પ્રતિફળ

છે; સૂફીઓની પેઠે તે એવું માનતો હતો, કે દરેક આત્મા એ પરમાત્મા-માંથી નીકળતું અવિનાશી તેજ-કિરણ છે; અને હિંદુઓની પેઠે તે એવો મત ધરાવતો હતો, કે સર્વ શિક્ષણનો ખરો ને સંપૂર્ણ સાર "સોऽहं" (હું તે છું) પ્રાપ્ત કરવામાં સમાઈ જાય છે. આ છેલ્લી વાત ("સોऽहं" પ્રાપ્ત કરવાની) તે શુદ્ધ વેદાન્તવાદ છે. વેદાન્તમત એવો છે કે ઈશ્વર એ જ પ્રકૃતિ કે કુદરત છે, અને પ્રત્યેક પૃથક્ પૃથક્ આત્મા તે જગદાત્માનો માત્ર અંશ છે, જે દેખીતા વિશ્વ સાથે આકસ્મિક રીતે જોડાએલો છે. વ્યક્તિગત આત્મા અને તે, એ બન્ને એક જ છે, અર્થાત્ વ્યક્તિ આત્મા તો સનાતન, સર્વવ્યાપક બ્રહ્મ (self)નો માત્ર નાનામાં નાનો અણું છે એ વિચારને વ્યક્તિગત આત્માએ અપનાવી લીધો કે તરત જ એ અપનાવન ક્રિયાથી જ વ્યક્તિત્વ એકદમ નાશ પામે છે, અને તેની સાથોસાથ સંસારજીવનની સાથે વ્યક્તિગત આત્માને સાંકળનાર સર્વ ઇચ્છાઓ ને લાગણીઓ પણ નાશ પામે છે.

ઈશ્વર એક છે, એ સિદ્ધાંત દરેક શિખના મન ઉપર બરાબર ઠસે, માટે દરેક પુસ્તક પર, દરેક પુસ્તકના પ્રત્યેક ભાગ, વિભાગ ને અધ્યાય પર, તેમ જ દરેક લેખ તથા પત્રની શરૂઆતે આંક ૧ લખવામાં આવે છે. જે કંઈ હસ્તી ધરાવે છે તે બધું એક ઈશ્વર છે, એવો સર્વેશ્વરવાદ વેદાન્ત મતની સાથે તેમ જ ઈરાનના સૂફીમતની સાથે મળતો આવે છે. યુસફ અને પોટીફારની સ્ત્રીના સંબંધમાં એક ઈરાની કવિ જામીએ જે આસક્તિ-ભર્યું કાવ્ય લખ્યું છે તેમાં તે નીચે પ્રમાણે ઉદ્ગાર કાઢે છે :

"પ્રત્યેક વ્યર્થ ખ્યાલને દૂર કરો, શંકા માત્રનું નિવારણ કરો;
પ્રત્યેક આત્મા, શરીર ને સ્થાન એકમાં ભળી જાઓ;
એક જ જુઓ—એક જ જાણો—એક વિષે જ બોલો—
એકની જ ઇચ્છા રાખો—એકનાં જ ગીત ગાઓ—એકને જ શોધો."

શિખ ધર્મશાસ્ત્ર જે 'આદિગ્રંથ' નામે ઓળખાય છે, તેમાંનો નીચે આપેલા શ્લોકનો ભાવ અને ઉપલા શ્લોકનો ભાવ એકદમ મળતો આવે છે, જાણે બન્ને એક જ છે એમ કહીએ તો ચાલે :

"તું તે એકનું જ રટણ કરે છે; તું તે એકને જ તારા મનમાં રાખે છે; તું તે એકને જ માન્ય રાખે છે;

ચક્ષુમાં, વાણીમાં, તે એક જ છે; બન્ને દુનિયામાં તે એકને જ તું જાણે છે.

નિદ્રાવસ્થામાં તે એક જ; જાગૃતાવસ્થામાં તે એક જ; તે એકમાં જ તું ઓતપ્રોત થઈ ગએલો છે."

જે કંઈ છે તે સર્વ એક ઈશ્વર જ છે એવું બતાવનારાં નિવેદનો 'આદિ ગ્રંથ'માં પુષ્કળ આવે છે; જેવાં કે "તું એ હું છું; હું એ તું છે; તો તફાવત કેવો છે?" "સર્વમાં તે એક જ વસે છે; તે એક જ સમાએલો છે." "અખીલ આલમ ખરા ઈશ્વરમાં સમાએલી છે." અન્ય બાબતોમાં ભલે શિખ ધર્મ ગમે તેટલો બદલાઈ ગએલો હોય, પરંતુ દશમો ગુરુ તેની મૃત્યુપળે આ પ્રમાણે બોલે છે: 'સ્મૃતિઓ, શાસ્ત્રો અને વેદો, એ સર્વ વિવિધ રીતે વચનો ઉચ્ચારે છે; હું એમાંના એકેને માન્ય રાખતો નથી. હે સુખધારી, તારી દયા મારા પર કર! હું તો 'હું' કહેતો નથી, હું તો બધું 'તું જ' સમજું છું."

દ્વિવાચક વિચારોને સ્પષ્ટ ભાષામાં ધુતકારી કાઢવામાં આવેલા છે, જેમકે "એ પર પ્રીતિ રાખવાને કારણે ઈશ્વરનું નામ ભૂલી જવાય છે." ગુરુ નાનકના મત પ્રમાણે (સર્વ સૂફી પંથીઓના મત પ્રમાણે પણ) જે એક ઈશ્વર છે તે બહુવિધ રૂપનો કર્તા છે, એમ નહિ કે શૂન્યકારમાંથી જડ પદાર્થનો કર્તા છે. દેખીતી દુનિયા એ ઈશ્વરનો આવિર્ભાવ છે, અલગપણાનો વિચાર કેવળ આભાસને લીધે આવે છે. એ સંબંધમાં "આદિ ગ્રંથ"માં નીચે પ્રમાણે શ્લોક છે:

"કારણોનું મૂળ કારણ તે સૃષ્ટા છે.
તેના જ હાથમાં વ્યવસ્થા ને વિચારણા છે.
જેવું તે જુએ છે, તેવું તે થાય છે.
તે પોતે જ, પોતે જ પ્રભુ છે.

જે કંઈ બનાવવામાં આવેલું છે, તે તેની પોતાની જ ઇચ્છા મુજબ છે.

તે સર્વથી દૂર છે, તેમ છતાં સર્વની સાથે છે.

તે સર્વને ધ્યાનમાં રાખે છે, નિહાળે છે, ને ભિન્નતા દર્શાવે છે.

તે પોતે એક છે, વળી તે પોતે અનેક છે.

તે મરતો નથી કે નાશ પામતો નથી, તે જતો નથી કે આવતો નથી

નાનક કહે છે, તે સદા સર્વમાં સમાએલો છે."

જે એક સર્વશ્રેષ્ઠ છે તેનામાં જડ ને ચેતન બન્ને છે, તેથી જે કંઈ છે તે તે જ છે. માનવાત્મા એ દિવ્ય પ્રકાશ (ઈશ્વર જે પ્રકાશ છે તે)માંથી નીકળતું પ્રકાશ-કિરણ મનાય છે; તેથી આપોઆપ એવું સિદ્ધ થાય છે કે એ માનવાત્મા તેની સ્વાભાવિક સ્થિતિમાં નિષ્પાપ છે. માણસમાં જે દેખીતી અશુદ્ધતા જણાય છે તે 'માયા' કે છેતરામણીને લીધે છે. અહંવાદ અને દ્વિવાચકપણાની, અર્થાત્ પોતે અલગ છે એવી અને ઈશ્વરથી અલગ અસ્તિત્વ હોઈ શકે છે એવી જે ભાવના પ્રાણીઓમાં ઉપસ્થિત થાય છે તે એ માયાને લીધે જ છે. આ માયા શુદ્ધ આત્માને પુદ્‌ગળમાંથી છૂટો થતાં અટકાવે છે; તેથી ભોળવણી જતી રહે, અને જે દિવ્ય પ્રકાશમાંથી કિરણ આરંભમાં નીકળ્યું હતું તેની પાસે હાલ ચોમેરથી ફસાએલું કિરણ પાછું ફરે, ત્યાં સુધી જન્મ-મરણની લાંબી અવતારમાળામાં થઈને એક જડ મિશ્રણમાંથી બીજા જડ મિશ્રણમાં આત્માને પસાર થવું પડે છે. આ પરથી દેખાય છે કે પુનર્જન્મનો મત તે સર્વેશ્વરવાદની આવશ્યક પૂરવણી છે; વળી હિન્દુ, બૌદ્ધમાર્ગી અને સૂફીપંથી, એ ત્રણેમાંથી કોઈને એ વગર ચાલે તેમ નથી.

શિખધર્મનું મૂળ શિક્ષણ ઉપર પ્રમાણે હતું. હવે એ મૂળ માન્યતાનો ઇતિહાસ, તથા બદલાતા સમયમાં તેમાં કેવા કેવા ફેરફારો થયા તે આપણે જોઈશું. આગળ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે પંજાબ પ્રાંતમાં લાહોર પાસે, ઈ. સ. ૧૪૬૯માં નાનકનો જન્મ થયો હતો. તેનો બાપ કોઈ ગામનો હિન્દુ મહેતો હતો, પણ તેનો પ્રથમ શિક્ષક એક મુસલમાન હતો.

આ પરથી, હિન્દુ અને મુસલમાન જેવા જુદા જુદા ધર્મવાળા લોકો એ સમયે એકબીજા સાથે કેટલો બધો નિકટ સંબંધ ધરાવતા હતા તે દેખાઈ આવે છે. તે વિચારવંત છોકરો હતો એમ કહીએ તો ચાલે. તેના સ્વભાવમાં અન્યને આદરભાવ આપવાનો ગુણ વિશેષ પ્રમાણમાં હતો, તે એ પરથી જણાય છે, કે 'ફકીર' નામથી ઓળખાતા ધર્માસ્થાવાન માણસો જેઓ પંજાબમાં ઠેકાણે ઠેકાણે મળી આવતા હતા તેઓની સંગત તે પોતાની કિશોર વયમાં શોધતો હતો. આ રાની ને અર્ધનગ્ન ભિક્ષુકો તથા સ્વપ્નપતિઓએ આધ્યાત્મિક સંપૂર્ણતા પ્રાપ્ત કરવાની કદી તૃપ્ત ન થાય એવી તીવ્ર ઇચ્છા આ જુવાન માણસના મનમાં ભરી દીધી. ઈશ્વર પરના પ્રેમને લીધે જેઓએ જીવનનાં સર્વ સુખોનો ત્યાગ કરેલો હતો એવા લોકોની સંગતથી તે દ્રવ્યનો ધિક્કાર કરતો થયો, અને દ્રવ્યને બીજા લોકોને રાહત આપવાના સાધન તરીકે જ માનવા લાગ્યો. તેથી જે કંઈ જડ દ્રવ્ય તેની પાસે હતું તે સર્વ તે ગરીબ લોકોને આપી દેવા લાગ્યો. નાનકની એ રીત ગમે તેટલી પ્રશંસાપાત્ર ભલે ગણાય, પણ થોડા જ સમયમાં તે ઢંગધડા વગરની અને ધોરણ વગરની થઈ ગઈ; અને નાનકને જો કદી કંઈ મિલકત સોંપવામાં આવે, તો તે કદી સલામત રહે જ નહિ. એને એના બાપે વેપારધંધો કરવા આપેલા બધા પૈસા, હજી તો એ પંદર જ વર્ષનો હતો એટલામાં તેણે ગરીઓને વહેંચી આપ્યા. સુલતાનપુર નામના શહેરમાં તેની બહેન રહેતી હતી. ફકીરોની સંગતમાંથી એને છૂટો પાડવા એના બાપે એને એ બહેન પાસે મોકલી દીધો.

અહીં આવ્યા પછી તરત જ નાનક કોઈ મુસલમાન માણસને ઘરે નોકરીએ રહ્યો; પરંતુ તેના પગારમાંથી તેના ખપને માટે કેવળ નજીવું રાખીને બાકીનો બધો પગાર તે ગરીઓને આપી દેતો. લગભગ આ સમયમાં તેણે લગ્ન કર્યું, ને તેને બે દીકરા થયા. એ નાનકપુત્રોના વંશજો હજી પણ છે. તે તેની નોકરીમાં બહુ જ વિશ્વાસુ હતો, તે એટલા પરથી જણાઈ આવે છે કે તેના શેઠની જાગીરમાં તે કારભારીની ઉચ્ચ પદવીએ ચઢયો, અને આપવા લેવાનું બધું કામ તથા જાગીરનો તમામ વહીવટ તે પોતાની ઇચ્છા પ્રમાણે કરવા લાગ્યો.

પાંત્રીસ વર્ષની વયે તેના મનમાં એક મોટો ફેરફાર થયો, અને એ ફેરફારના પરિણામે જગતને એક નવો ધર્મ મળ્યો. એવી દંતકથા ઊતરી આવેલી છે, કે એક દિવસે તે નદીએ જઈને સ્નાનાદિક શુદ્ધિકારક ક્રિયાઓમાં રોકાએલો હતો, એ દરમિયાન તેને પારાદૈસના દરવાજા પાસે એકાએક લઈ જવામાં આવ્યો એવું તેને લાગ્યું. ત્યાં તેના હોઠ આગળ જીવનનીર ( અમૃત જળ )નું વાસણ ધરવામાં આવ્યું. તે એ પાણી પી ગયો. પછી ઈશ્વરની વાણી તેને એવું ફરમાવતી તેના સાંભળવામાં આવી, કે "નાનક, હું તારી સાથે છું ; મેં તને સુખી બનાવ્યો છે, અને જે કોઈ તારૂં નામ લેશે તે સર્વને હું સુખી કરીશ. દુનિયાથી અલિપ્ત રહેજે, જે એક **નામ** છે તેમાં, દાન–ધર્મ કરવામાં, સેવા કરવામાં, ને મારૂં સ્મરણ કરવામાં દૃઢતાથી ટકી રહેજે. મેં તને મારૂં પોતાનું **નામ** આપેલું છે. તું એ કામ કર."

સમાધિમાંથી જાગૃત થયા પછી તરત જ નાનકે પોતાના ભાવી ધર્મનો ગુરુમંત્ર ઉચ્ચારતાં કહ્યું, કે "નથી કોઈ હિન્દુ, કે નથી કોઈ મુસલમાન." ખરી રીતે સત્ય પણ દેખીતી રીતે અસત્ય એવું આ વચન તેણે ઉચ્ચાર્યું કે તરત જ તેની સામે પ્રચંડ વિરોધ જાગ્યો. તેનો શેઠ જે ગામમાં મુખ્ય માણસ જેવો હતો તે નાનકના આ ક્રાન્તિકારક વિચાર વિષે તપાસ કરે એવો તેને આગ્રહ કરવામાં આવ્યો. એક મોટી માનવ-મેદની આગળ તેને ઊભો કરવામાં આવ્યો ત્યારે જેનો પ્રત્યુત્તર આપી ન શકાય એવા બુદ્ધિપૂર્વક જવાબોથી તથા તેની એકનિષ્ઠાથી તેણે પ્રશ્ન પૂછનારાઓને શરમીંદા બનાવી દીધા. ત્યારે હિન્દુ અને મુસલમાન એ બન્ને ધર્મના લોકો કહેવા લાગ્યા, કે નાનકદ્વારા ઈશ્વર જ બોલે છે. ત્યારથી માંડીને એક ધર્મગુરુ તરીકે લોકો તેને માનવા લાગ્યા. તેણે ધર્મશિક્ષકનું સ્થાન ધારણ કર્યું, જેથી તે ગુરુ નાનક તરીકે ઓળખાવા લાગ્યો.

પ્રથમ તો નાનકનો શેઠ જ નાનકનો આસ્થાવાન પ્રશંસક બન્યો ; પરંતુ મિત્ર હો કે કુટુંબીજન હો, એમાંનું કોઈ તેના ધર્મપ્રચારક આવેગ પર અંકુશ મૂકી શક્યું નહિ. પ્રથમ તેણે કેવળ મુસલમાનો આગળ પોતાના નવા ધર્મનો પ્રચાર કર્યો, અને એ કોમમાંથી તેણે પ્રથમ શિષ્યો મેળવ્યા.

પરંતુ થોડા વખત પછી તે બનારસ (કાશી) ગયો, અને બ્રાહ્મણ ધર્મ (હિન્દુ ધર્મ)ના કિલ્લારૂપ મનાતા સ્થળમાંથી શરૂઆત કરીને હિંદુઓને તેણે પોતાના શિષ્યો બનાવવા માંડયા.

મુસાફરી દરમિયાન મરદાના નામે નાનકનો એક દિલોજાન મિત્ર તેની સાથે રહેતો. આ મરદાના વાયોલીન જેવું રબાબ નામનું વાજિંત્ર ખૂબીથી વગાડી જાણતો. વાદ્યશોખીન મિત્રની સંગતને લીધે નાનક પોતાના ઘણાખરા વિચારો પદ્યરૂપે પ્રગટ કરતો હતો. તેણે જુદા જુદા રાગનાં અનેક કવિતો રચ્યાં, જે આસરે ત્રણ હજાર છંદ જેટલાં હશે. હિન્દુ તેમ જ મુસલમાન નામોમાં ઈશ્વરની સ્તુતિ, તેની ભલાઈ તથા દયાની પ્રશંસા, શુદ્ધ ને ઈશ્વરપરાયણ જીવનની પ્રેરણા, એવા એવા એ કાવ્યોના વિષયો હતા. પાછળથી એ સર્વ કાવ્યોનો સંગ્રહ કરવામાં આવ્યો, વળી એમાં પુષ્કળ ઉમેરો પણ કરવામાં આવ્યો. એ અસલ કાવ્યોનો સંગ્રહ ને પાછળથી કરાએલો ઉમેરો એ જ આદિગ્રન્થ છે, ને શિખ લોકોનું ધર્મશાસ્ત્ર છે.

ઈ. સ. ૧૫૨૬માં બાબર પંજાબ પર ચઢી આવ્યો, અને જતે દહાડે હિન્દના પાયતખ્ત પર બેઠો. એ બાબરના વિજયવંત સૈનિકોએ નાનકને તેની એક ધર્મપ્રચારક મુસાફરીમાં પકડી કેદ કર્યો, પણ નાનકના સ્વતંત્ર મિજાજ ને તેની ધર્મનિષ્ઠાથી પ્રસન્ન થઈ બાબર બાદશાહે થોડા વખત બાદ તેને મુક્ત કર્યો. મુક્ત થયો કે તરત જ તેણે મુસલમાનોમાં ફરી ધર્મપ્રચાર શરૂ કર્યો, ને તેમાં તે ખરેખર સફળ પણ થયો. મુસલમાનોમાંથી કેટલાક ખાસ શખસોને પોતાના શિષ્યો બનાવવામાં તે ફાવી શકયો. એમ કહેવાય છે કે મુસાફરી કરતો કરતો તે કાશ્મીર સુધી ગયો, વળી એક ચુસ્ત મુસલમાનની માફક તેણે મક્કાની યાત્રા કરી હતી એમ પણ કહેવાય છે. મક્કાની યાત્રાની વાત કદાપિ અતિશયોકિત હોય, અને મુસલમાનો પ્રત્યે તે કેટલી હદ સુધી ઢળતો હતો તે દર્શાવવા માટે તેના અનુયાયીઓએ એ અતિશયોકિત કરી હોવાનો સંભવ છે.

ચોત્રીસ વર્ષ સુધી ધર્મપ્રચારાર્થે પર્યટન કર્યા બાદ, હિન્દુ રિવાજ અનુસાર, મરણસમયે નાનક રાવી નદીને કાંઠે આવ્યો, કારણ કે એ રાવી

નદી કુદરતી પાણીનો પ્રવાહ હતી. તે એક ઝાડના થડ આગળ બેઠો, અને હિન્દુ ને મુસલમાનમાંથી થએલો તેનો શિષ્ય સમુદાય તેનાં છેલ્લાં ફરમાનો લેવા તેની આજુબાજુ એકઠો થયો. એ પ્રસંગે, તેની અંતિમક્રિયા હિન્દુવિધિ પ્રમાણે કરવી કે મુસલમાન વિધિ પ્રમાણે કરવી એ વિષે તેના શિષ્યોમાં ચર્ચા ચાલી. ગુરુ નાનકનું જીવન હિન્દુ ને મુસ્લીમ એ બન્ને ધર્મ પ્રત્યે કેટલું બધું સમતોલ હતું, તેનો એ નોંધનીય પૂરાવો છે; કારણ કે હિન્દુ કે મુસલમાન એ એમાંથી કયા ધર્મનો તેને ગણવો એ તેના સૌથી નિકટના અનુયાયીઓ પણ નક્કી કરી શકયા નહિ. મુસલમાનો કહેવા લાગ્યા, કે "અમે તેને દાટીશું." ત્યારે હિન્દુઓ કહેવા લાગ્યા, કે "અમે તેને બાળીશું." પરંતુ દંતકથા પ્રમાણે તો તેનામાંથી પ્રાણ નીકળી ગયો કે તરત જ તેનો દેહ અલોપ થઈ ગયો. આ વાર્તાનો દેખીતો હેતુ એ લાગે છે, કે એ પ્રશ્ન–દાટવું કે બાળવું–ને એમ ને એમ રાખવો એ જ નાનકની ઈચ્છા હતી.

શિખ ધર્મશાસ્ત્રરૂપ નહિ ગણાતાં પુસ્તકોમાં નાનકનું જે જીવનચરિત્ર આપેલું છે, તેમાં તેણે નીચે પ્રમાણે **ચમત્કારો કર્યા કહેવાય છે:** સુકાઈ ગએલી અંજીરીને તેણે તાજી કરી, સુકાઈ ગએલા બાવળના ઝાડને તાજું કર્યું; મુએલા એક હાથીને જીવતો કર્યો, તેમ જ એક મુએલા માણસને સજીવન કર્યો; તેણે એક રકતપિત્તિઆને શુદ્ધ કરીને પોતાનો શિષ્ય બનાવ્યો; સૂકી ભૂમિમાંથી તેણે પાણી કાઢ્યું. એ ઉપરાંત પણ તેણે અનેક ચમત્કૃતિઓ કરેલી કહેવાય છે.

**દિવ્ય તારનાર તરીકે તેનું સન્માન**—"ગુરૂ" નામે તે ખાસ કરીને ઓળખાય છે. પરંતુ એ ઉપરાંત "સરદાર," "રાજા," "શાહ," વ્હાલમાં "પિતા" એવાં એવાં નામે પણ તેને સંબોધવામાં આવે છે. એની જિંદગીના છેલ્લા ભાગમાં તે પ્રથમ સંત, અને પછી દિવ્ય તારનાર પણ મનાવા લાગ્યો. એના મરણ પછી સાઠેક વર્ષમાં તો તે **દેવ** મનાવા લાગ્યો: "ગુરુ નાનક ઈશ્વર છે, પરમ બ્રહ્મ છે." કેટલાક આધુનિક શિક્ષિત વર્ગના શિખો નાનકને દેવ સમાન માને છે, ને સાથે સાથે ઈસુ ખ્રિસ્તનું પણ સન્માન કરે છે.

શિખ ધર્મનો સ્થાપક ઈ. સ. ૧૫૩૮માં મરણ પામ્યો. સહૃદયી, વિનયી, ચતૂર તથા નિખાલસ હોવાની પ્રતિષ્ઠા તે પોતાને માટે મૂકી ગયો છે. તે તદ્દન નિરક્ષર હતો, તે વાંચી લખી શકતો જ નહિ; પરંતુ તે અજબ કલ્પનાશક્તિ ધરાવતો હોવાથી તે પોતાની પંજાબી માતૃભાષામાં ઘણા આત્મા–પ્રેરક છંદો રચી શક્યો હતો, જે આજે પણ હોંસથી ગવાય વંચાય છે, અને ભવિષ્યમાં પણ ભાવથી ને સન્માનથી ગવાવા વંચાવા ચાલુ રહેશે. અગાઉ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે, ઈશ્વરના મહાન નામ પ્રત્યે અમર્યાદ આદરભાવ, ઈશ્વરના એકત્વનો સ્વીકાર, અને ઈશ્વર વગર બીજું કંઈ છે જ નહિ એવી માન્યતા–એ જ તેની ઈશ્વરવિદ્યાના વિષયો હતા. માનવજાત વિષે તે એવું માનતો, કે સર્વ માણસો સમાન છે; દાન-ધર્મ કરવાની, ખામોશ રાખવાની ને સક્રિય દયા કરવાની ફરજ મનુષ્યને માથે રહેલી છે, એવું તે સૌના મન પર ઠસાવતો. હલકાં પ્રાણીઓ પ્રત્યે પણ તે સહાનુભૂતિ દર્શાવતો. માંસાહાર નહિ કરવો, તેમ જ હલકાં પ્રાણીઓને દુઃખ નહિ દેવું એ પણ તેના બોધમાં સમાએલું હતું.

**તારણનો માર્ગ:** ઈશ્વરને જાણવામાં, તેને પ્રાપ્ત કરવામાં અથવા તેનામાં ભળી જવામાં તારણ સમાએલું છે એવું શિખ ધર્મનું શિક્ષણ છે.

ઈશ્વરની કૃપાથી તારણ મળે છે એવું ઓછામાં ઓછું ચાર વખત હિન્દુ 'ઉપનિષદો'માં શિખવવામાં આવેલું છે; વળી વ્યકિતગત જીવાત્માએ વિશ્વાત્મામાં (બ્રહ્મમાં) ભળી જવાનું છે એ પણ ઉપનિષદોનું શિક્ષણ છે; અને તારણને માટે ખુદાની આગળ માણસે સંપૂર્ણપણે આધિન થઈ જવાનું છે એ મુસલમાન ધર્મનું શિક્ષણ છે—આ સર્વ શિક્ષણનું મિશ્રણ શિખ ધર્મમાં કરવામાં આવેલું છે.

તારણને માટે માણસે 'ગુરુ' કરવો જોઈએ, એ શિખ ધર્મની એક અગત્યની બાબત છે. હિન્દુ ધર્મમાં અનેક ગુરુઓનું સન્માન કરવામાં આવેલું છે, અને મુસલમાન ધર્મમાં હઝરત મહમ્મદનું સન્માન કરવામાં આવેલું છે, તે જ પ્રમાણે શિખ ધર્મમાં પણ "ગુરુ"નું સ્થાન આવશ્યક મનાએલું છે.

**ભજન અને વ્યવસ્થા :** ઈશ્વરનું મનન કર્યા કરવું, અને "સત નામ"નું રટણ કર્યા કરવું એ જ મુખ્ય ભજનપદ્ધતિ છે.

શિખ ધર્મમાં મૂર્તિઓ કે યજ્ઞોનું નામનિશાન નથી, એ જાણવા જોગ બાબત છે.

**શિખ ધર્મનો ઈતિહાસ**–બધા મળીને દશ ગુરુઓ આ ધર્મના ઈતિહાસમાં થએલા મનાય છે :

(૧) ગુરુ **નાનક**ને બે પુત્રો હતા, પરંતુ તેમાંનો કોઈ નાનક પછી 'ગુરુ' થવાને લાયક નહિ હોવાથી તેણે તેના એક ચુસ્ત શિષ્યને ગુરુ નીમ્યો. તેનું નામ લહિના હતું. તે દોરડાં વણવાનો ધંધો કરતો હતો. નાનકે ગુરુ નીમતાં તેનું નામ બદલીને 'અંગદ' (=અંગ અર્પણ કરનાર) પાડયું.

(૨) ગુરુ **અંગદે** (૧૫૩૮–૧૫૫૨) પ્રાચીન ગુરુમુખી લિપિના મૂળાક્ષરોની પદ્ધતિસર પુનઃગોઠવણ કરીને આખા પંજાબ પ્રાંતની એક અગત્યની ભાષાવિષયક સેવા બજાવી. નાનકને તે ઈશ્વર સમાન ગણવા લાગ્યો, એ તેની બીજી અગત્યની નવીનતા હતી.

(૩) ગુરુ **અમરદાસ** (૧૫૫૨–૧૫૭૪) નમ્ર ને આસ્થાવાન શિષ્ય હતો. તેણે શિખ કોમને વ્યવસ્થિત કરવામાં, તેને બળવાન કરવામાં ને અન્ય કોમોથી અલગ પાડવામાં મોટો ફાળો આપ્યો.

(૪) ગુરુ **રામદાસ** (૧૫૭૪–૧૫૮૧) નામે બીજો એક ઉત્સાહી શિષ્ય હતો. તેણે લાહોરની દક્ષિણ–પૂર્વે ૩૦ માઈલ પર આવેલા એક નાના સરોવરમાં હર–મંદિર (ઈશ્વરનું મદિર) બાંધીને તેને શિખ ભજન-સેવાનું કેન્દ્ર સ્થળ બનાવ્યું. એ સ્થળનું નામ તેણે "અમૃતસર" (અમરપાણું) પાડયું, જે ત્યારથી માંડીને શિખ ધર્મનું મુખ્ય ભજનસ્થાન બની ગયું છે. તે તેના પુરોગામીનો જમાઈ હતો. તેણે શિખ ધર્મમાં પોતાના અનુગામી તરીકે પોતાના પુત્રને નીમીને વંશ પરંપરાનો સિદ્ધાન્ત દાખલ કર્યો.

(૫) ગુરુ **અર્જન** (૧૫૮૧–૧૬૦૬) "ગ્રન્થ"ના સંપાદક તરીકે અગત્યની સેવા બજાવનાર હતો. અગાઉના ચાર ગુરુઓનાં લખાણો, અન્ય સંતોનાં લખાણો, તથા તેનાં પોતાનાં કેટલાંક લખાણો, એ સર્વનો સંગ્રહ

તે ગ્રન્થ કહેવાય છે. ધર્મસૂચક ખાસ પોષાક તેણે કાઢી નાખ્યો, ને કિમ્મતી પોષાક ધારણ કર્યો, ને સર્વ શિખો પાસેથી દશાંશ લેવાની પદ્ધતિ દાખલ કરી. તેણે પ્રબળતાથી શિખ ધર્મનો ફેલાવ કર્યો. દિલ્હીના રાજા સાથે લડતાં લડતાં તે મરણ પામ્યો.

(૬) ગુરુ **હરગોવિંદે** (૧૬૦૬–૧૬૩૮) પોતે આગેવાન છે એ દર્શાવવા પહેલવહેલી તલવાર ધારણ કરી, પ્રથમ શિખ દુર્ગ બાંધ્યો, લશ્કરી ઇરાદો રાખીને શિષ્યમંડળમાં ભરતી કરી; અને જે અગાઉ ધાર્મિક ભક્તોનો સમૂદાય હતો, તેને હિન્દના મોગલ બાદશાહો સામે લડનાર દળના રૂપમાં ફેરવી નાખ્યો.

(૭) ગુરુ **હરરાયે** (૧૬૩૮–૧૬૬૦) તે સમયના મોગલ બાદશાહ ઔરંગઝેબ સામે લડાઈઓ કરી, પણ આખરે તે હારી ગયો.

(૮ ગુરુ **હરકિશને** (૧૬૬૦–૧૬૬૪) ઉપરોક્ત ઔરંગઝેબ સાથે લડાઈઓ ચાલુ રાખી.

(૯) ગુરુ **તેજ બહાદુર** (૧૬૬૪–૧૬૭૫) બહાદુર યોદ્ધો હતો. શિખ ધર્મનો પ્રભાવ તેણે ઘણે દૂર સુધી, એટલે હિન્દુસ્તાનના છેક છેવાડા ઉત્તર-પૂર્વ ખૂણા સુધી અને દક્ષિણે લંકા સુધી ફેલાવ્યો. તે જાતે તો મુસલમાન ધર્મનો વિરોધી નહોતો, તેમ છતાં મુસલમાન લોકો સામે લડતાં તેણે પોતાની ઘણીખરી જિંદગી વ્યતીત કરી, ને તેમાં તેણે ફતેહો પણ મેળવી. તેથી અમુક લડાઈ પછી મુસલમાનોએ ગુરુ સામે લડવાની કદી હિમ્મત કરી નહિ. નવમા ગુરુનાં કેટલાંક લખાણો "આદિ ગ્રન્થ"માં દાખલ કરવામાં આવેલાં છે.

(૧૦) ગુરુ **ગોવિન્દ સિંઘે** (૧૬૭૫–૧૭૦૮) શિખ ધર્મને આક્રમણકારી ઈશ્વરતંત્રનું રૂપ આપવાની વૃત્તિ ચાલુ રાખી. પૂર્વ બંગાળા ને આસામ પ્રાંતનું પાટનગર ઢાકા દશમા ગુરુના સમયમાં શિખ ધર્મના દુર્ગ સમાન બની ગયું. તેણે પોતે 'સિંઘ' અટક ધારણ કરી, ને તમામ શિખોને એજ અટક ધારણ કરાવી, કે જેથી તેઓ સર્વ 'ખાલસા' એટલે કે શુદ્ધ કે વિશ્વાસુઓનું એક બળવાન કુટુંબ બની જાય.

ગુરુ નાનક પછી થનાર પહેલા ત્રણ ગુરુઓ ધર્મિષ્ઠ ને નમ્ર માણસો હતા. એમાંનો ત્રીજો પોતાના શિષ્યો પાસેથી ઐચ્છિક દાનો સ્વીકારતો. પણ અર્જન નામે જે પાંચમો ગુરુ થઈ ગયો તે જરા દબદબાનો શોખીન હોવાથી તેણે ઐચ્છિક દાનોને ફરજિયાત કરનું રૂપ આપી દીધું. એ ફેરફારથી શિખગુરુના હાથમાં દ્રવ્ય ને બળ બન્ને આવ્યું, જેથી તે પ્રદેશના મુસલમાન રાજકર્તાઓમાં ધાસ્તી પેઠી; કારણ કે જે પ્રદેશ તેઓએ કબજે કર્યો હતો તેના કેન્દ્રસ્થાનમાં જ તેમને હિન્દુ સત્તા ઊભી થવા જેવું લાગ્યું, જે પ્રત્યે તેઓ શંકાની દૃષ્ટિએ જુએ એ સ્વાભાવિક જ હતું. ગુરુ અર્જન ઠીક ઠીક કેળવાએલો હોવાથી તે પોતાના પુરોગામીઓના કાવ્યોનો સંગ્રહ કરવામાં પોતાનો ઘણોખરો સમય વ્યતીત કરતો. એ સંગ્રહને તેણે પુસ્તકનું રૂપ આપ્યું, જેમાં તેણે રાગ પ્રમાણે (મુખ્યત્વે ૩૧ રાગનાં કાવ્યો છે) કાવ્યોની ગોઠવણી કરી; વળી તેનાં પોતાનાં કાવ્યો પણ અંદર દાખલ કરી તેણે અગાઉનાં કાવ્યોની સંખ્યા લગભગ બમણી કરી દીધી. અગાઉ જે "આદિ ગ્રન્થ"નું નામ આવી ગયું તે આ જ ગ્રન્થ હતો. આ કાવ્યો હેથી "ગીતશાસ્ત્ર"ને "જ્ઞાનસાહિત્ય"ને મળતાં છે.

ત્યાર પછીના ચાર ગુરુઓની કાર્યવાહીમાં મુખ્યત્વે કરીને મુસલમાનો સાથે ઝઘડા જ થએલા છે. આખરે દશમો ગુરુ ઊભો થયો, જે છેલ્લો ગુરુ હતો. તેણે આ બંધુમંડળનું બંધારણ છેક બદલી નાખ્યું. આ દશમા ને છેલ્લા ગુરુનું નામ ગોવિંદસિંઘ હતું. તે ઈ. સ. ૧૬૬૬માં જન્મ્યો હતો. તે દૂર્ગાદેવીનો ભક્ત હોઈને ચૂસ્ત હિન્દુ તરીકે ઊછરેલો હતો. સિદ્ધાન્તોની ભાંજગડમાં તે પડયો હોય એમ લાગતું નથી. મુસલમાન વિરોધીઓનો બરોબર સામનો કરી શકાય, એવા હેતુથી લડાયક ભૂમિકા પર સમાજની પુનર્વ્યવસ્થા કરવા પર જ તેણે ચિત્ત લગાડયું હતું. એ હેતુથી તેણે આખી સંસ્થાને લશ્કરના રૂપમાં ફેરવી નાખી, ને તેનું નામ તેણે "ખાલસા" (એટલે પવિત્ર કે શુદ્ધ) પાડયું; અને આ નવી સંસ્થાના દરેક સભ્યને પોતાનું 'સિંઘ' નામ આપ્યું. તેથી જ, અત્યાર સુધી ખાલસા અર્થાત્ વિશ્વાસુઓના દળના દરેક સભ્યના નામને છેડે "સિંઘ" આવે છે. ગુરુ ગોવિંદસિંઘે પોતાના અનુયાયીઓમાંથી જ્ઞાતિભેદ નાબૂદ કર્યો, ને પોતાના દળમાં સર્વ

જ્ઞાતિઓના માણસોની ભરતી કરી. તેની લડાયક વૃત્તિઓને લીધે મુસલમાનો સામે તે દૃઢતાથી લડી શકતો ; ઉપરાંત, તેણે દર્શાવેલી બહાદુરી ને મેળવેલી સફળતાને લીધે મુસલમાનોમાં તે એટલો બધો માનનીય થઈ પડયો હતો, કે સાંભળવા પ્રમાણે બહાદુરશાહે તેને વિવેકથી સત્કારી તેને રાજ્યની મોટી મોટી જગાઓમાં નોકરી આપી હતી. ગોવિંદસિંઘના પિતા તેજ-બહાદુરને ઔરંગઝેબ બાદશાહના ફરમાનથી દિલ્હીમાં મારી નાખવામાં આવ્યો હતો; એ જ કારણને લીધે તે મુસલમાનોનો કટ્ટો વૈરી થયો હોય એ અસંભવિત નથી.

ગુરુ ગોવિંદસિંઘે શિખ કોમને માટે બીજું એક કામ પણ કર્યું. તે એ કે તેણે તેને બીજું એક પવિત્ર પુસ્તક આપ્યું. આ પુસ્તકનું નામ "દશવન પાદશાહી" અથવા "દશમો રાજકર્તા" છે. એમાં દશમા ગુરુનું ચરિત્ર ને માન્યતાઓ આલેખાએલાં હોવાથી એ પુસ્તકનું એવું નામ રાખવામાં આવેલું છે. હાલ આ પુસ્તક "આદિ ગ્રંથ"ના જેટલું જ સન્માનનીય ગણવામાં આવે છે. એવા સન્માનને એ કોઈ રીતે લાયક નથી, તોપણ પહેલા અને દશમા ગુરુ વચ્ચેના સમય દરમિયાન શિખ ધર્મમાં જે ફેરફાર થતો ગયો એ બતાવવા પૂરતું જ આપણી દષ્ટિએ તો તે ઉપયોગી છે. આદિ ગ્રન્થમાં શું મળી આવે છે? હિન્દુઓએ રચેલાં, મુસલમાનોએ રચેલાં, તેમ જ શરૂઆતે થઈ ગએલા ગુરુઓએ રચેલાં કાવ્યોનો નિષ્પક્ષપાતપણે કરાએલો સંગ્રહ "આદિ ગ્રન્થ"માં મળી આવે છે. એ સર્વ કાવ્યોમાં વિશ્વના મહાન અગમ્ય આત્માની સ્તુતિ ગવાએલી છે. એથી ઉલટું, "દશવન પાદશાહી"માં તો હિન્દુ સામગ્રી વગર બીજું કંઈ નથી. હિન્દુ દેવદેવીઓનાં ચામત્કારિક ને પૌરાણિક કૃત્યોનું વર્ણન, પ્રાચીન હિન્દુ પુસ્તકોમાંના ઊતારા, સ્ત્રીઓના ઉત્કર્ષને લગતી અજબ વાર્તાઓ, શસ્ત્રોની શ્રેષ્ઠતાનાં પ્રસંશાકારી કાવ્યો, અને ગુરુ ગોવિંદનું ચરિત્ર તથા તેણે કરેલાં યુદ્ધોનું વર્ણન-એવી એવી બાબતોનો સમાવેશ એમાં કરવામાં આવેલો છે. આ બે પવિત્ર મનાએલા ગ્રન્થોની એકબીજા સાથે સરખામણી કરી જોવાથી એકદમ સ્પષ્ટ થાય છે, કે પહેલા ગુરુના સમયથી દશમા ગુરુના સમય સુધીમાં શિખ ધર્મમાં ભારે ફેરફાર થવા પામ્યો હતો.

હિન્દુ અને મુસલમાન એ બન્ને ધર્મ પ્રત્યે પહેલા ગુરુના સમયે શિખ ધર્મનો ભાવ તટસ્થતાનો હતો, તે બદલાતાં બદલાતાં દશમા ગુરુના સમય સુધીમાં શિખ ધર્મે હિન્દુ ધર્મ પ્રત્યે પક્ષપાતનો અને મુસલમાન ધર્મ પ્રત્યે વિરોધભાવનો ઝોક લીધો હતો.

## શિખ ધર્મના પવિત્ર શાસ્ત્ર વિષે વિશેષ નોંધ

શિખ ધર્મશાસ્ત્રને "આદિ ગ્રન્થ" ને ટૂંકમાં "ગ્રન્થ" કહેવામાં આવે છે. એ કાવ્યસંગ્રહ છે, જેમાં લગભગ ૨૯,૪૮૦ શ્લોક આવે છે. તે અંશતઃ રચનાર પ્રમાણે ને અંશતઃ રાગ પ્રમાણે રચાએલું છે. ૩૧ રાગનાં કાવ્યો એમાં છે. હેબ્રી કાવ્યો અને જ્ઞાન સાહિત્યમાં જેવા વિષયો છે એવા વિષયો એ સંગ્રહમાં પણ છે: મોટે ભાગે ઈશ્વરસ્તુતિ, ઈશ્વર વિષે મનન, પ્રાર્થના, મનુષ્યજીવન વિષે બોધ—એવા એવા વિષયો એમાં છે. મૂળ ગ્રન્થ તે "આદિ ગ્રન્થ કહેવાય છે," તે ૧૬૦૪ માં રચાયો હતો. નાનક જે પ્રથમ ગુરુ હતો તેણે તથા તેની પછી તેના જે અનુગામીઓ થઈ ગયા તેઓએ જે કાવ્યો રચ્યાં હતાં તેનો સંગ્રહ પાંચમા ગુરુએ કરીને એ કાવ્યપુસ્તક બહાર પાડયું. ત્યાર પછી નવમા ને દશમા ગુરુઓએ રચેલાં કાવ્યો પણ એમાં ઉમેરવામાં આવ્યાં. લાહોરના સરકારી મુદ્રણાલયમાં એ છપાયું હતું. એ છાપેલાં ૧,૫૭૦ પૃષ્ઠોનું પુસ્તક છે, અને એમાં લગભગ દશ લાખ જેટલા શબ્દો છે.

"દશમ ગ્રન્થ" અથવા "દશવન ગ્રન્થ" નામનું દશમા ગુરુએ રચેલું એક બીજું પુસ્તક છે, જે "આદિ ગ્રન્થ" પછી સો વરસે પ્રસિદ્ધ કરવામાં આવ્યું, તેને ઘણાખરા ધર્મચુસ્ત શિખ લોકો અધિકારયુક્ત શાસ્ત્ર માને છે. "આદિ ગ્રન્થમાં સાડત્રીસ લેખકોનાં કાવ્યો છે. દશ ગુરુઓમાંના સાત, અને શિખ કોમમાં થઇ ગએલા ભગતો, તેમ જ મુસલમાન અને હિન્દુ કોમના ભગતો મળીને બીજા ત્રીસ, એમ કુલ્લે ૩૭ લેખકો થાય છે. હિન્દુ ભગતોમાંના બે તો કબીર અને રામાનંદ છે, જેઓએ તેમના નામથી ઓળખાતા પંથો સ્થાપ્યા હતા. "ગ્રન્થ"માં છ ભાષાઓ વપરાયેલી છે: પંજાબી, મુલતાની, પર્શિયન, પ્રાકૃત, હિન્દી ને મરાઠી. એ

ઉપરાંત કેટલીક પેટા ભાષાઓ પણ વપરાયેલી છે. દુનિયા કોઈ પણ ધર્મના શાસ્ત્ર કરતાં શિખ ધર્મમાં વધારે ભાષાઓ વપરાયેલી છે, એ "ગ્રન્થ"ની એક વિશેષતા છે. "ગ્રન્થ"નાં અંગ્રેજી ભાષાંતરો થયેલાં છે. છેલ્લા ભાષાંતરના કહેવા પ્રમાણે, આખો "ગ્રન્થ" મૂળ ભાષામાં સમજીને વાંચી શકે એવા ભાગ્યે જ દશેક માણસો મળે. "ગ્રન્થ" સંપૂર્ણ અધિકારવાળું શાસ્ત્ર ગણાય છે, છતાં શિખ લોકો એ પ્રત્યે છેક બેદરકાર બનેલા છે. "ગ્રન્થ"માં શું છે એ વિષે ૯૦ ટકા શિખો અજ્ઞાત છે. "ગ્રન્થ"ને જે માન આપવામાં આવે છે, તે પરથી તેની પૂજા કરવામાં આવે છે, એમ કહીએ તો ખોટું નથી. "ગ્રન્થ"ને તેઓ "ગ્રન્થ સાહેબ" કહીને સંબોધે છે. તે અમૃતસરના શિખ મંદિરમાં રાખવામાં આવેલું છે.

**ગ્રન્થપૂજા**—મંદિરમાં મૂર્તિઓ નથી ; પરંતુ "ગ્રન્થ" એ અદશ્ય ઈશ્વરની દશ્ય પ્રતિમા મનાય છે, અને સજીવ વ્યક્તિ જેવો તેને ગણવામાં આવે છે. દર સવારે તેને કિમ્મતી આભૂષણો પહેરાવવામાં આવે છે, અને હીરા મોતીના એક છત્ર નીચે માનપૂર્વક એક નીચી ગાદી પર તેને મૂકવામાં આવે છે. એક પવિત્ર શયનગૃહમાં દર સાંજે એક સુવર્ણ પલંગ પર તેને સુવાડવામાં આવે છે. એ શયનગૃહમાં કોઈ પ્રવેશ ન કરે, માટે લોખંડી સળિયા ને દ્વારોથી તેનું રક્ષણ કરવામાં આવેલું છે.

મંદિરની એક બાજુએ એ જ "ગ્રન્થ"ની બીજી એક નકલ રાખવામાં આવેલી છે. મંદિરના પૂજારીઓ થોડે થોડે ભાગે વાંચતાં રોજ એ પુસ્તક આખું વાંચી જાય છે. પુસ્તકમાં નીચે પ્રમાણે એક શ્લોક છે :

"જે જન્મે છે ને મરણ પામે છે, એવાનું શા માટે ભજન
કરીએ!
જળ ને સ્થળમાં જે વ્યાપી રહેલો છે, એવા એક ઈશ્વરનું શા
માટે સ્મરણ ન કરીએ!"

હિન્દુ ધર્મનો સુધારક ને આર્યસમાજનો સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતી નીચે પ્રમાણે શિખ ભજનની ટીકા કરે છે :

"શિખ લોકો કોઈ મૂર્તિની પૂજા કરતા નથી એ ખરૂં, પણ તેઓ 'ગ્રન્થની' પૂજા કરે છે; ત્યારે "ગ્રન્થપૂજા" એ શું મૂર્તિપૂજા નથી? કોઈ પણ જડ પદાર્થની આગળ નમવું ને તેનું ભજન કરવું એ મૂર્તિપૂજા છે. મૂર્તિપૂજકો જેમ કરે છે તેમ જ શિખ લોકો પણ 'ગ્રન્થ'ને કરે છે. મૂર્તિપૂજકો જેમ મૂર્તિઓનું પ્રદર્શન કરી તેનાં દર્શન કરાવી પ્રેક્ષકો પાસેથી દાન મેળવે છે, તેમ જ શિખ લોકો "ગ્રન્થ"નું ભજન કરે છે, ભજન કરવા દે છે, અને ભજનારાઓ પાસેથી દાન મેળવે છે."

દશમા ગુરુના સમયથી માંડીને આજ પર્યંત "આદિ ગ્રન્થ" અને "દશમન પાદશાહી" પ્રત્યે શિખ લોકો વહેમયુક્ત માનની નજરે જોતા આવ્યા છે. તેઓના સર્વ મિજલસ પ્રસંગોએ આ ગ્રન્થો તેમની આગળ મૂકવામાં આવે છે, અને જાણે ગુરુ પોતે હાજર હોય તેમ "વા ગુરુજીકા ખાલસા! વા ગુરુજીકી ફતેહ" કહીને તે ગ્રન્થોને બાદશાહી સલામી અર્પવામાં આવે છે. શિખ-મિજલસ હંમેશાં બહુ ગંભીર હોય છે, અને એ ગાંભીર્ય મિજલસની સાદાઇમાં રહેલું હોય છે. ગ્રન્થો મૂકાયા પછી અને તેમને સલામી અર્પાયા પછી 'કારા પ્રસાદ'નો મોટો જથો કપડે ઢાંકીને તેમની સન્મુખ મૂકવામાં આવે છે. (આટો, ખાંડ ને ઘીની મેળવણીને 'કારા પ્રસાદ' કહેવામાં આવે છે.) ત્યાર પછી એ પ્રસાદને સલામી અર્પવામાં આવે છે, ને તેની આગળ પ્રાર્થનાઓ કરવામાં આવે છે. બાદ મિજલસમાં હાજર થએલા લોકો બેસી જાય છે. તેમના બેઠા પછી પ્રસાદ પરથી કપડું ખસેડી લેવામાં આવે છે, અને કોઈ પણ જાતનો ભેદભાવ રાખ્યા વગર બધા શિખો તે પ્રસાદ એકઠા મળીને ખાય છે. 'કારા પ્રસાદ' એ બહુ સ્વાદિષ્ઠ વાની છે. શિખ લોકો તે પુષ્કળ પ્રમાણમાં ખાય છે. કેવળ શિખ લોકો તે ખાય છે એટલું જ નહિ, પણ બહાર એકઠા થએલા ગરીબ લોકોને તેમ જ નજીકમાં રહેતા લોકોને પણ તે ખાવા માટે આપવામાં આવે છે. જાતે ખાવું ને અન્યને ખાવા આપવું એવું નાનકનું ફરમાન હતું, તેથી ગમે તે ધર્મનો બીજો કોઈ માણસ બેસીને 'કારા પ્રસાદ' ખાય તો તેને તેઓ પોતા પર થએલો ઉપકાર માને છે. સર્વનો એક જ હેતુ છે, એના બંધાણરુપ એ ક્રિયા હોવાથી એવા પ્રસંગોએ શિખ લોકો ઉચ્ચનીચ

કૂળના અને ઉચ્ચનીચ પંક્તિના તમામ ભેદભાવો તદ્દન વિસારી મૂકે છે. ત્યાર બાદ ક્રિયા કરનાર આગેવાનો ઉચ્ચારે છે, કે "સરદારો, આ ગુરૂમતા છે." ફરીથી પ્રાર્થનાઓ કરવામાં આવે છે, બાદ સરદારો એકબીજાની વધારે નજીક નજીક બેસીને બોલે છે: "પવિત્ર ગ્રન્થ આપણી મધ્યે છે; આપણી બાહ્ય તકરારો ભૂલી જઇને એક થઈ જવાના, આ પવિત્ર ગ્રન્થથી આપણે શપથ લઈએ." આવી ગંભીર રીતે એકતાના બંધનથી જોડાવું એજ આવી મિજલસનો મુખ્ય હેતુ દેખાય છે. મુસલમાનો આ કોમને જડમૂળથી ઊખેડી નાખવાની વારંવાર કોશીષો કર્યા કરતા હતા, તેથી શિખોને માટે પોતાની કોમ જાળવી રાખવાની અગત્ય ઊભી થઈ હતી. અને એવી અગત્યમાંથી જ આવી મિજલસોનો ઉદ્ભવ થયો હોવો જોઈએ.

કોઈ કોઈ કાર્યમાં મુસલમાનો સાથે સહકાર કરવાનું ગુરુ ગોવિંદસિંધને યોગ્ય લાગેલું ખરૂં, તો પણ મુસલમાનો પ્રત્યે તેને પૂરેપૂરો દ્વેષભાવ તો હતો જ. ગમે તેવા સાધુશીલ મુસલમાનની કબરને પણ જો કોઇ શિખ સલામ કરે તો તેને માટે તેણે રૂ. ૧૨૫)નો દંડ ઠરાવ્યો હતો. "ખરા શિખે મુસલમાનો સાથે હમેશાં યુદ્ધમાં જ રોકાએલા રહેવું, અને સામી છાતીએ તેમની સાથે લડીને તેમને મારી જ નાખવા" એવું ગુરુ ગોવિંદસિંગે એક સૂત્ર યોજ્યું હતું.

આ ગુરુને એક પઠાણ અનુયાયી હતો, જેના પર ગુરુએ ખાસ દયા દર્શાવી હતી. પરંતુ એ જ પ્રઠાણે એક વખત પોતાના ખંજર વડે દગાથી ગુરુને મારી નાખ્યો. એવી રીતે એ દશમા ગુરુના નિરંકુશ અમલનો અંત આવ્યો. પોતાનો અનુગામી નીમવાની ના પાડતાં, મરતી વખતે તેણે પોતાના અનુયાયીઓને જણાવ્યું, કે મારા મરણ પછી "આદિ ગ્રન્થ" અર્થાત્ ખુદ એ પવિત્ર પુસ્તક દરેક રીતે તમારો આગેવાન બનશે. ત્યારથી માંડીને દરેક શિખ મિજલસને મોખરે એ પુસ્તક હમેશાં મૂકવામાં આવે છે, અને ઘણા જ સન્માનથી તેને સલામી અર્પવામાં આવે છે. ખરૂં જોતાં, એ પુસ્તકને "શ્રી આદિ ગ્રન્થ સાહેબ" એ નામે જ સંબોધવામાં આવે છે, કેમ જાણે એ કોઈ જીવતો મનુષ્ય ન હોય !

ઈ. સ. ૧૭૦૮ માં ગુરુ ગોવિંદસિંઘ મરણ પામ્યા ત્યારથી માંડીને શિખોનો આધુનિક ઇતિહાસ બહુ જ અનિયંત્રિત થતો આવેલો છે. 'ખાલસા' અથવા વિશ્વાસુઓના દળની સરદારી બંદા નામના એક શખ્સને માથે આવી. તેણે હિન્દના મુસલમાન બાદશાહો સાથે અનેકવાર લડીને ફતેહો મેળવી. પરંતુ આખરે એક વખત તેને પૂરેપૂરો હરાવવામાં આવ્યો, અને પકડાએલા એકે એક શિખની કતલ કરવામાં આવી. આ મોટા પરાજય પછી લગભગ એક પેઢી જેટલી મુદ્દત સુધી શિખ ધર્મ અદશ્ય જેવો થઇ ગયો ; પરંતુ ઈ. સ. ૧૭૩૮ માં શિખોએ ફરીથી અમૃતસર આગળના સરોવરની મુલાકાતે જવાનું સાહસ કર્યું, અને રાવી નદીને કિનારે એક નાનો કિલ્લો બાંધ્યો. ઈ. સ. ૧૭૪૫માં તેઓને ફરીથી વેરવિખેર કરી નાખવામાં આવ્યા, તેમ છતાં ઈ. સ. ૧૭૫૬માં તેઓએ ફરીથી લાહોર કબજે કર્યું. ઈ. સ. ૧૭૬૨માં અહમદશાહ અને તેના અફઘાન લશ્કરે નિર્દય રીતે શિખોની કતલ કરી. પરંતુ એથી તો નાબૂદ થવાને બદલે બાકી રહેલા શિખો વધારે સંપથી એકત્ર થયા. એકત્ર થએલા શિખોએ અહમદશાહનાં દળોને હરાવ્યાં, જેથી ઝેલમ અને સતલજ નદીઓ વચ્ચેનો આખો પ્રદેશ શિખોના હાથમાં આવ્યો. હવે શિખોનો સિતારો ચઢતો થયો, અને શુદ્ધકુંવરની પુત્રી સાથે રણજિતસિંઘનું લગ્ન થવાથી ઈ. સ. ૧૭૮૫માં આખી શિખ કોમ એકત્ર થઈ ગઈ. ઈ. સ. ૧૭૯૯માં અફઘાનોએ એ પ્રદેશ છેવટને માટે તજી દીધો, જેથી રણજિતસિંઘને કબજે તે આવી ગયો, ને તેના પર હક કરનાર કોઈ રહ્યું નહિ. ઈ. સ. ૧૮૪૫માં અંગ્રેજોએ તેનો કબજો લીધો ત્યાં સુધી રણજિતસિંઘે ડહાપણથી ને પરાક્રમથી તેનો કારોબાર ચલાવ્યો. મહારાજા દુલીપસિંઘે બ્રિટિશોની આગળ હથિયાર હેઠે મૂક્યાં, ને તેનો જગપ્રસિદ્ધ હીરો કોહીનૂર નામ. મહારાણી વિકટોરિયાને અર્પી દીધો. મહારાજા દુલીપસિંઘે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો.

નાનક અને ગોવિંદસિંઘનું ધર્મકાર્ય મુસલમાન ધર્મ સુદ્ધાં અગાઉના સર્વ ધર્મોની પરાકાષ્ટારૂપ છે એવું શિખ લોકો સમજે છે.

ગુરુ ગોવિંદસિંઘે સ્થાપેલા બંધુમંડળમાં દાખલ થવાની ક્રિયા "પાહુલ" કહેવાય છે. એ ક્રિયા આજ સુધી પળાતી આવી છે.

પહેલવહેલી એ ક્રિયા (ખ્રિસ્તી બાપ્તિસ્માના જેવી) આ પ્રમાણે કરવામાં આવી હતીઃ ગુરુએ તેના સૌથી વિશ્વાસુ પાંચ અનુયાયીઓને પાસે પાસે બેસાડયા; પછી પાણીમાં થોડી ચોકખી સાકર નાખીને તેણે તરવારથી તે હલાવ્યું; બાદ ઇશ્વરસ્તુતિના થોડા શ્લોકોનું ઉચ્ચારણ કરીને તેણે પેલું પાણી પેલા શિષ્યોને થોડું થોડું પાયું; પછી એમાંનું જ થોડું પાણી તેણે તેમના માથા પર રેડયું, ને બાકીનું તેમનાં અંગ પર છાંટયું. પછી પોતાના હાથથી તેમને થાબડીને તેણે મોટેથી પોકાર્યું, "એમ બોલો, કે 'અમે ઇશ્વરથી શુદ્ધ કરાએલા લોકો છીએ, અને વિજય મહાન ઇશ્વરનો છે." આ પ્રમાણે ક્રિયા પૂરી થઈ, અને એ પોકાર ત્યારથી માંડીને શિખોનો સંકેતશબ્દ અને શિખ બંધુમંડળમાં સલામીરૂપ બની ગયો છે. આ ક્રિયા શરીરશુદ્ધિ બક્ષનારી અને લડાઇમાં રક્ષણ આપનારી મનાય છે. મુસલમાનો એકબીજાને સલામ કરતાં જેમ "સલામ આલેકુમ" બોલે છે તેમ શિખ લોકો સર્વ પ્રસંગે "વા ગુરુજીકા ખાલસા! વા ગુરુજીકી ફતેહ" બોલે છે.

દરેક શિખે પાંચ વસ્તુઓ હમેશ પોતાની સાથે રાખવી એવું ગુરુ ગોવિંદસિંઘે ફરમાવેલું છે. એ દરેક વસ્તુનો પહેલો અક્ષર "ક" છેઃ (૧) કેશ (વાળ), (૨) કંઘા (કાંસકી), (૩) કડું (ખંજર), (૪) કિરપાણ (૫) કચ્છ (લંગોટ). એ પાંચે વસ્તુઓ રાખવાનું રહસ્ય આ પ્રમાણે છેઃ–હિન્દુ અને મુસલમાન એ બન્ને માથું મુંડાવે છે અથવા વાળ કપાવે છે, પણ એ બન્નેથી શિખ જુદા પડવો જોઈએ. શિખે મરતાં સુધી માથું મુંડાવવું નહિ, તેમ જ માથાના કે દાઢીના વાળ કાપવા કપાવવા પણ નહિ. કેશ રાખે, એટલે બીજી વસ્તુ કંઘા (કાંસકી)ની જરૂર પડે જ. કડું; અને 'કિરપાણ' (તલવાર) લડવાને માટે જરૂરની વસ્તુઓ છે, ઘાતકી રીતે લડવું હોય તો તે વાપરવી પડે. લડતી વખતે લાંબાં કપડાં તો શરીરને હરકતરૂપ થાય, માટે એ કાર્યમાં શરીરને ફાવે એવી પાંચમી વસ્તુ 'કચ્છ' (લંગોટ) છે. એ પાંચ

વસ્તુઓમાંની એકે સાથે રાખવાનું જો કોઈ કદી ભૂલે, તો તે ખરો શિખ નથી.

હિન્દુ તેમ જ મુસલમાન એ બન્નેનાં ધર્મશાસ્ત્રો, તેમ જ એ બન્ને ધર્મોના સાક્ષરો તથા ભાષ્યકારોના ગ્રન્થો, એમાંનું કશું શિખોએ માન્ય નહિ રાખવું એવું તેમને માથે ફરમાન છે; તેમ જ હિન્દુમાન્ય કે મુસલમાનમાન્ય કોઈ પણ પવિત્ર સ્થળે શિખોએ જવું નહિ, વળી તેઓની કોઈ પણ ક્રિયામાં તેમણે સામેલ થવું નહિ, તેમ જ હિન્દુ કે મુસલમાનનું ઓળખાણદર્શક વસ્ત્ર તેમણે કદી પહેરવું નહિ એવું પણ તેમને માથે ફરમાન છે. કોઈ શિખે જે શિખ નથી એવા કોઈને સલામ કરવી નહિ. જો કોઈ શિખ મુસલમાનને સલામ કરે, અથવા હિન્દુની પેઠે માથું મુંડાવે, તો તેને નર્કને પાત્ર થઈ ગએલો સમજવો. શિખે કદી તંબાકુ (સિગરેટ, બીડી, વગેરે) પીવી નહિ, કે માદક પીણું વાપરવું નહિ; તથાપિ જ્યારે મન ફાવે ત્યારે તે ભાંગ પી શકે છે. તેણે ગુરુ સામેથી કદી પોતાનું મુખ ફેરવવું નહિ. જન્મ, લગ્ન અને મરણ જેવી જીવનની સર્વ ધાર્મિક ક્રિયાઓ વખતે તેણે "આદિ ગ્રન્થ" ને "દશવન પાદશાહી" એ બે પુસ્તકોનો જ ઉપયોગ કરવો, ક્રિયાઓ વખતે બીજા કોઈ પુસ્તકનો ઉપયોગ કરી શકાય નહિ. તેણે હમેશ સાચું જ બોલવું, ગરીબોને સહાય કરવી; અને દગો પ્રપંચ, નિંદા કે વ્યભિચાર કરવાં નહિ. તેણે કદી માથું ઉઘાડું રાખવું નહિ, અને બીજા માણસની મિલકત કે સ્ત્રીનો લોભ કરવો નહિ. મરણ પછી ગંગા નદીમાં રાખ પધરાવવાનો જેમ હિન્દુઓમાં રિવાજ છે, તેમ શિખોએ કરવાનું નથી; પણ શિખોની રાખ અમૃતસરની આડપાડોસમાં ગમે ત્યાં પધરાવી દઈ શકાય.

છેલ્લા અથવા દશમા ગુરુના સમય સુધી શિખ ધર્મનું પાલન ઉપર પ્રમાણે હતું. પરંતુ ત્યાર પછી નાનકના અનુયાયીઓ હિન્દુ ધર્મની સમીપતામાં આવતા ગયા છે, હરદ્વારની યાત્રાએ પણ તેઓ અનેકવાર ગએલા છે, તેમ જ બસો વર્ષ અગાઉના તેમના પૂર્વજોને આઘાત લાગે એવું બીજું ઘણું તેઓ કરવા લાગ્યા છે. જો કે હજીએ તેમણે તેમનો પોષાક જાળવી રાખ્યો છે, તેમ જ તેમની અલગ વ્યવસ્થા જાળવી રાખી

છે, તો પણ વિચારમાં તેઓ ને હિન્દુ લોકો આજે લગભગ એક સરખા થઈ ગએલા છે.

ઈશ્વર એક છે, અને માણસો સઘળા ભાઈઓ છે. એવા એક મહાન સિદ્ધાન્ત પર શિખ ધર્મ શરૂઆતે રચાયો હતો. શરૂઆતે તે સાદો ને અન્ય-ધર્મીઓ પ્રત્યે સહનશીલ ધર્મ હતો. પરંતુ રફતે રફતે તે એક અલગ જાત બનતાં મુસલમાનોનો દ્વેષ કરવાની ભૂમિકા પર એક રાજકીય વ્યવસ્થા બની ગઈ; અને હિન્દુ ધર્મમાં સુધારો કરવાની હિલચાલથી જેનો આરંભ કરવામાં આવ્યો હતો તે રફતે રફતે, જાણે અજાણ્યે, હિન્દુ ધર્મના વહેમ ને દેવ દેવીઓને લગતી કથાઓ તરફ તેના આખર સ્વરૂપમાં ઢળતી થઈ ગઈ છે.

શિખ ધર્મના ઝાંખા પડતા મહિમાને પુનઃ તેજસ્વી કરવાની ઇચ્છા છેલ્લાં કેટલાંક વર્ષોથી પંજાબમાં દેખાવા લાગી છે; તેથી શિખ શાસ્ત્રોનું વિદ્વતાપૂર્ણ જ્ઞાન બંધુમંડળના સભ્યોને આપવાના તેમ જ તેમનાં મનોને વિસ્તૃત બનાવવાના હેતુથી વ્યવસ્થિત શિક્ષણ આપવાની યોજનાનો પાયો "ખાલસા"એ નાખવા માંડ્યો છે.

## શિખપંથો

શિખોમાં બે મુખ્ય પંથો છે. શાંતિશીલ **નાનકપંથીઓ** નાનકના શિક્ષણને જ ચુસ્તતાથી વળગી રહેનારા છે. ધર્માસ્થાવાન **ખાલસા પંથીઓ** દશમા ગુરુ ગોવિંદસિંઘને વિશેષ પ્રમાણમાં માનનારા છે.

એ ઉપરાંત પાંચ મુખ્ય જાતિઓ કે પંથો છે: (૧) **ઉદાસીપંથ:** આ પંથવાળા દુનિયા પ્રત્યે વિરકત રહે છે; (૨) **સુથ્રે** અર્થાત્ "શુદ્ધ" ભિક્ષુકો; (૩) **દિવાના સાધુ:** તેઓ ભકિતમાં ગાંડા થઈ ગએલા જેવા હોય છે; (૪) **નિર્મલ સાધુ:** તેઓ દોષહીન સાધુઓ છે, ને બ્રહ્મચર્ય પાળે છે; (૫) **અકાલી:** જેને કાળની કંઈ અસર થતી નથી તેને એટલે સનાતન ઈશ્વરને તેઓ ભજે છે.

બધી મળીને વીસ ઉપરાંત જાતિઓ છે. વસ્ત્રના રંગ પરથી કેટલીક જાતિઓ તો પડેલી છે, જેમ કે શ્વેત, આસમાની અથવા ભગવાં વસ્ત્ર પહેરનારી; વસ્ત્રના કદ પરથી કેટલીક જાતિઓ પડેલી છે, જેવી કે ટૂંકાં વસ્ત્ર પહેરનારી, ને લાંબાં વસ્ત્ર પહેરનારી; કેટલીક જાતિઓ અમુક રીતના ચોભિયા રાખનારી ને વાળ કપાવનારી હોય છે; અને બીજી જાતિઓ બીજી રીતના ચોભિયા રાખનારી ને વાળ કપાવનારી હોય છે.

## શિખ ને હિન્દુ ધર્મની સરખામણી

### (૧) મળતાપણું

(*a*) મત તરીકે, એક અગમ્ય ઈશ્વરને માને છે.

(*b*) વ્યવહારમાં, ઈશ્વરને અનેક નામો આપવામાં આવે છે.

(*c*) હિન્દુઓના ઉપનિષદમાં ને ગીતામાં જેમ છે, તેમ એક જાતનો સર્વેશ્વરવાદ માનવામાં આવે છે.

(*d*) કર્મનો સિદ્ધાન્ત માનવામાં આવે છે.

(*e*) આત્માના અનેક ફેરા—કરણી પ્રમાણે એક ખોળિયામાંથી બીજા ખોળિયામાં જવું—મનાય છે.

(*f*) ઠરાવેલી પ્રાર્થનાઓ કરવી ને મંત્રો ઉચ્ચારવા, એ બહુ અગત્યનું મનાય છે.

### (૨) અમળતાપણું

(*a*) શિખ ધર્મ હિન્દુઓના જ્ઞાતિભેદને ધિક્કારે છે, ને માણસો સર્વ સમાન છે એવું માને છે.

(*b*) એક નિરાકાર ઈશ્વરને માને છે, ને હિન્દુઓની મૂર્તિપૂજાને ધિક્કારે છે.

(*c*) એક ઈશ્વર જ છે એવું માને છે, ને હિન્દુઓના અનેક દેવ વાદને ધિક્કારે છે.

(*d*) એક પવિત્ર ઈશ્વરનું ભજન કરે છે, અને હિન્દુઓની યાત્રાઓ, તેમનાં ક્રિયાકાંડ ને સંન્યાસવાદને ધિક્કારે છે.

(*e*) શિખ શાસ્ત્રોને જ માને છે, ને હિન્દુ ધર્મશાસ્ત્રોને ધિક્કારે છે.

(*f*) હિન્દુઓમાં સ્ત્રીનું સ્થાન હલકું છે, જ્યારે શિખોમાં સ્ત્રીનું સ્થાન ઊંચું છે.

(*g*) હિન્દુઓના વનસ્પતિ-આહારને વખોડે છે, ને માંસાહાર પસંદ કરે છે.

## શિખ ને મુસલમાન ધર્મની સરખામણી

### (૧) મળતાપણું

(*a*) ઈશ્વર એક અને વ્યક્તિત્વવાળો છે એવી માન્યતા બન્નેમાં છે.

(*b*) એ ઈશ્વર નિરંકુશ રાજા જેવો છે, તેનો અધિકાર સર્વત્ર છે.

(*c*) એ અગમ્ય ઈશ્વરમાં દયાનો ગુણ છે ખરો, પરંતુ તેની સાથે તે આપખુદ પણ છે, અને એ આપખુદી સામે કશું કહી શકાય જ નહિ.

(*d*) ઈશ્વરને સંપૂર્ણતઃ આધીન થવામાં તારણ છે.

(*e*) ઈશ્વરના નામનું વારંવાર રટણ કરવું એ ભજન છે.

(*f*) ઠરાવેલી પ્રાર્થનાઓ કરવી એ બહુ અગત્યની છે.

(*g*) ધર્મસ્થાપકને ઈશ્વરનો પયગમ્બર માની તેના પ્રત્યે પૂજ્યભાવ દર્શાવવામાં આવે છે, અર્થાત્ તેને ભજનયોગ્ય ગણવામાં આવે છે.

(*h*) ધર્મશાસ્ત્રોને અનહદ માન આપવામાં આવે છે.

(*i*) સ્થાપકે ઈશ્વરની શોધ કરતી વેળાએ જે પ્રથમ પ્રાર્થના કરેલી તે પ્રાર્થના અનુયાયીઓની રોજની ઠરાવેલી પ્રાર્થના થઈ પડેલી છે.

(*j*) અસલ સ્થાપક પછી બીજા આગેવાનો પણ મનાય છે.

(*k*) અનુયાયીઓનો સમૂહ લડાયક માનસવાળો થયો છે.

(*l*) અનેક પંથો હોવા છતાં, સર્વ અનુયાયીઓમાં એકતા ને સંપ છે.

(*m*) મુસલમાનો મક્કાને અને શિખો અમૃતસરને બહુ ઊંચું સ્થાન આપે છે.

(*n*) મૂર્તિપૂજાનો તીવ્ર તિરસ્કાર બન્નેમાં કરવામાં આવે છે.

(૨) અસમળતાપણું

(*a*) મુસલમાન ધર્મના સ્થાપક જેવો નિર્દય ને બળાત્કારી શિખ ધર્મનો સ્થાપક નહોતો.

(*b*) મુસલમાન ધર્મના ખુદા જેવો શિખ ધર્મનો ઈશ્વર નિર્દય ને બળાત્કારી નથી.

(*c*) મુસલમાન ધર્મશાસ્ત્રનો રચનાર એક છે, જ્યારે શિખ ધર્મશાસ્ત્રમાં ઓછામાં ઓછા સાડત્રીસ જણનાં લખાણો છે.

(*d*) રમજાન માસમાં મુસલમાનો જેવો ઉપવાસ પાળે છે, એવો કોઈ ઉપવાસ શિખ ધર્મમાં ફરમાવેલો નથી.

(*e*) મુસલમાન ધર્મની માફક શિખ ધર્મમાં કોઈ કિયામતનો દિવસ ઠરાવેલો નથી, તેમ કોઈ મોજીલું પારાદૈસ પણ નથી.

## શિખ ધર્મમાં શું સારૂં છે? અથવા શિખ ધર્મનું બળ શામાં રહેલું છે તે

(*a*) ધર્મસ્થાપકે સુધારો કરવાનો ને સમાધાન કરવાનો કરેલો પ્રયાસ.

(*b*) સ્થાપકે ઝુંબેશ ઉઠાવીને જે સફળ ધર્મપ્રચાર કર્યો તે.

(*c*) ઇશ્વર એક જ છે એવું શિક્ષણ.

(*d*) દરેક શિખે શિષ્ય એટલે ધર્મનું શિક્ષણ સંપાદન કરનાર થવું, એવું ફરમાન છે.

(*e*) અનેક પંથો ને જ્ઞાતિઓ હોવા છતાં સર્વ શિખો એક ભાતૃમંડળ જેવા છે એવું સામાજિક બંધારણ.

## શિખ ધર્મમાં શી નબળાઇ છે તે

(*a*) ઇશ્વરને સમજી ન શકાય એવો ગણવામાં આવ્યો છે તે.

(*b*) ભજનમાં "નામ"ના કેવળ રટણને અપાએલું અગત્યનું સ્થાન.

(*c*) દુનિયાને નકામી ગણવામાં આવેલી છે તે.

(*d*) નસીબવાદ માનવામાં આવે છે, અને નસીબ આગળ માણસને લાચાર ગણવામાં આવ્યો છે તે.

(*e*) "ધર્મશાસ્ત્ર"માં અનેક જાતના વિષયોનો સમાવેશ કરવામાં આવેલો છે તે, અને એ શાસ્ત્રને કોઇ સમજતું નથી તે.

(*f*) "ગ્રન્થ"ને ઇશ્વરસમાન ગણી તેની જે પૂજા કરવામાં આવે છે તે.

(*g*) આધુનિક શિખો એકંદરે આત્મ-કેન્દ્રી થઇ ગયા છે તે.

11BGS2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103